eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 199
October 02, 2008

## ગાંધી જયંતિના દિવસે 'લોક અદાલત' નું આયોજન – પેન્ડીંગ કેસોમાં સમાધાનરૂપે ઓછા દંડથી કેસોનાં નિકાલનું આયોજન ગોઠવાયું – પક્ષકારો ને લાભ લેવા અપીલ

સુરત શહેરમાં નાગરિકો ધ્વારા વિવિધ પ્રકારે કરવામાં આવતા ન્યુસન્સ બદલ, સુ.મ.પા. તરફથી ઘી બી.પી.એમ.સી. એકટ હેઠળ કરવામાં આવેલ કેસોનાં નિકાલ અર્થે આગામી તારીખ બીજી ઓકટોબર ૨૦૦૯–ગાંધી જયંતિના જાહેર રજાનાં દિવસે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## હરિઃૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "સ્વ. ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"

બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટસ્ પ્રતિ રસ–રૂચિ કેળવાય તેવા હેતુથી હરિઃૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "સ્વ. ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" નું આયોજન તા.૩૦/૦૯/૨૦૦૯ને બુધવારના રોજ સવારે ૮. ૦૦ કલાકે રૂસ્તમપુરા તરણકુંડ, કડીવાલા ૬ બુનકી મેટરનીટી હોમની સામે, રૂસ્તમપુરા, સુરત ખાતે કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૨૮–૦૯–૨૦૦૯નાં રોજ સેન્ટ્રલ ઝોન ખાતે ૬ પ્રકલ્પોની ઉદ્‌ઘાટન/ખાતમુહૂર્તવિધિ સંપન્ન



ભારતીય સંસ્કૃતિની પરંપરાને અનુલક્ષી વિજયાદશમીના પાવનદિને શુભકાર્યોનો શુભાંરભ કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા એ પણ ધ્વારા આ પાવન પર્વ નિમિત્તે શહેરની જનતાને મહત્તમ પ્રાથમિક સુવિધાઓ તથા અન્ય સવલતો પ્રાપ્ત થાય તે હેતુ સાકાર કરવા સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોનમાં નાનપુરા વોર્ડ ઓફીસની ઉદ્‌ઘાટનવિધિ, સલાબતપુરા મોરચા હોટલ પાસે વાંચનાલય તથા મલ્ટીપર્પઝ હોલની ખાતમુહૂર્તવિધિ, બેગમપુરા વાંચનાલયની ઉદ્‌ઘાટનવિધિ, મલ્ટી લેવલ પાર્કીગ, મહીધરપુરા ખાનસાહેબના ડેલામાં ઉદ્‌ઘાટનવિધિ, લખપતિ હોસ્પિટલની ઉદ્‌ઘાટનવિધિ, કાશ્મીરા બીલ્ડીંગ પાસે સેન્ટ્રલ ઝોનનું વહીવટી ભવનની ખાતમુહૂર્તવિધિ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## તા.૦૧–૧૦–૨૦૦૯નાં રોજ રાંદેર ઝોન ખાતે ૪ પ્રકલ્પોની ઉદ્‌ઘાટન/ખાતમુહૂર્તવિધિ સંપન્ન

વિકાસની હરણફાળ ભરી રહેલ સુરત શહેરના પ્રજાજનોની સુખાકારી આરોગ્ય તથા પર્યાવરણની જાળવણી ક્ષેત્રે વધુ સુવિધાપ્રાપ્ત થાય તેવા મુખ્ય મિશન સાથે સુરત મહાનગરપાલિકા દ્વારા તમામ ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોનું આયોજન કરી લોકાર્પણ કરવામાં આવેલ છે તે શૃખલામાં અડાજણ ખાતે સંસ્કાર ભારતી સ્કુલ પાસે, શાંતિવન બાગ,અડાજણ ખાતે આનંદપાર્ક પાસે શાંતિકુંજની ઉદ્‌ઘાટનવિધિ, રાંદેર ખાતે નિશાંત સોસાયટી પાસે બાગ, અડાજણ પાટીયા પાસે ઈશીતા પાર્ક ખાતે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગાંધી જયંતિના દિવસે 'લોક અદાલત' નું આયોજન – પેન્ડીંગ કેસોમાં સમાધાનરૂપે ઓછા દંડથી કેસોનાં નિકાલનું આયોજન ગોઠવાયું–પક્ષકારોને લાભ લેવા અપીલ

સુરત શહેરમાં નાગરિકો ધ્વારા વિવિધ પ્રકારે કરવામાં આવતા ન્યુસન્સ બદલ, સુ.મ.પા. તરફથી ધી બી.પી.એમ.સી. એકટ હેઠળ કરવામાં આવેલ કેસોનાં નિકાલ અર્થે આગામી તારીખ બીજી ઓકટોબર ૨૦૦૯–ગાંધી જયંતિના જાહેર રજાનાં દિવસે મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (મ્યુનિ.) સાહેબની કોર્ટમાં ' લોક અદાલત' નું આયોજન કરવામાં આવનાર છે. જેથી આ લોક અદાલતનો પક્ષકારો ને મહત્મ લાભ લેવા સુરત મહાનગરપાલિકા ધ્વારા અપીલ કરવામાં આવે છે.

TOP

## હરિઃૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "સ્વ. ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"

બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટસ્ પ્રતિ રસ–રૂચિ કેળવાય તેવા હેતુથી હરિઃૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "સ્વ. ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" નું આયોજન તા.૩૦/૦૯/૨૦૦૯ને બુધવારના રોજ સવારે ૮.૦૦ કલાકે રૂસ્તમપુરા તરણકુંડ, કડીવાલા ૬ બુનકી મેટરનીટી હોમની સામે, રૂસ્તમપુરા, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. આ બાળતરણ સ્પર્ધાનો શુભારંભ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી સ્વાતિબેન ભટ્ટ, ઉપાધ્યક્ષા શ્રીમતી હિનાબેન કાબરાવાળા, સભ્યશ્રી વજુભાઈ સુહાગીયા, શ્રી પિયુષભાઈ શિવશકિતવાળા, શ્રીમનોજભાઈ લોટવાલા, શ્રી શશીકાંત દાલિયા હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ, શ્રીસન્મુખભાઈ જીનવાલા, શ્રી કનૈયાભાઈ છત્રપતિએ કરાવ્યો હતો. આ સ્પર્ધામાં છોકરાઓ અને છોકરીઓના ૯ થી ૧૧ વર્ષ અને ૧૧ થી ૧૩ વર્ષના ૪ વયગૃપ મળી કુલ–૬૨ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

### વયગૃપઃ– ૯ થી ૧૧ વર્ષ

| ક્રમ | વિજેતાના નામ (છોકરાઓ) | વિજેતાના નામ (છોકરીઓ) |
|---|---|---|
| પ્રથમ | વ્રજ હિતેશકુમાર પચ્ચીગર | ગગનદીપ કૌર ટાંક |
| દ્વિતીય | હર્ષલ વિનોદભાઈ સારંગ | સકસેના કલ્યાણી અજય |
| તૃતીય | આદિત્ય પિયૂષ મહેતા | સીમરન ગીધ્ધા |
| આશ્વાસન | પાર્થ ભરતકુમાર મિસ્ત્રી | – |

### વયગૃપઃ– ૧૧ થી ૧૩ વર્ષ

| ક્રમ | વિજેતાના નામ (છોકરાઓ) | વિજેતાના નામ (છોકરીઓ) |
|---|---|---|
| પ્રથમ | સૌમ્ય એચ.મહેતા | મધુર શીરભાથે |
| દ્વિતીય | કરનકુમાર ધર્મેન્દ્રભાઈ સેલર | પાર્શદી જરીવાલા |
| તૃતીય | મિલીન્દ એચ. સપકાલ | પ્રણોતિ જરીવાલા |
| આશ્વાસન | શેખ અબ્દુલ સલમાન અબ્દુલ સલામ | – |

આ બાળતરણ સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી સ્વાતિબેન ભટ્ટ, ઉપાધ્યક્ષા શ્રીમતી હિનાબેન કાબરાવાળા, શ્રીમતી ઉર્મિલાબેન રાણા, સભ્યશ્રી વજુભાઈ સુહાગીયા, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ, શ્રી સન્મુખભાઈ જીનવાલા, શ્રી કનૈયાભાઈ છત્રપતિ અને મહેન્દ્રભાઈ લાપસીવાલાના હસ્તે ટ્રોફી તથા વિજેતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર અને સ્મૃતિભેટ તેમજ હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રીઓ તરફથી સ્મૃતિભેટ અને પુસ્તિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ તેમજ વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

TOP

## તા.૨૮–૦૯–૨૦૦૯નાં રોજ સેન્ટ્રલ ઝોન ખાતે ૬ પ્રકલ્પોની ઉદ્‌ઘાટન/ખાતમુહૂર્તવિધિ સંપન્ન

ભારતીય સંસ્કૃતિની પરંપરાને અનુલક્ષી વિજયાદશમીના પાવનદિને શુભકાર્યોનો શુભારંભ કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા એ પણ ધ્વારા આ પાવન પર્વ નિમિત્તે શહેરની જનતાને મહત્તમ પ્રાથમિક સુવિધાઓ તથા અન્ય સવલતો પ્રાપ્ત થાય તે હેતુ સાકાર કરવા સુરત મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોનમાં નાનપુરા વોર્ડ ઓફીસની ઉદ્‌ઘાટનવિધિ, સલાબતપુરા મોરચા હોટલ પાસે વાંચનાલય તથા મલ્ટીપર્પઝ હોલની ખાતમુહૂર્તવિધિ, બેગમપુરા વાંચનાલયની ઉદ્‌ઘાટનવિધિ, મલ્ટી લેવલ પાર્કીંગ, મહીધરપુરા ખાનસાહેબના ડેલામાં ઉદ્‌ઘાટનવિધિ, લખપતિ હોસ્પિટલની ઉદ્‌ઘાટનવિધિ, કાશ્મીરા બીલ્ડીંગ પાસે સેન્ટ્રલ ઝોનનું વહીવટી ભવનની ખાતમુહૂર્તવિધિ તા.૨૮–૦૯–૨૦૦૯નાં રોજ મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખસ્થાને, તથા મુખ્ય મહેમાનશ્રી શ્રીમતિ દર્શનાબેન જરદોષ, માન. સાંસદશ્રી, અતિથિ વિશેષશ્રી માન. ધારાસભ્યશ્રી, શ્રી નાનુભાઈ વાનાણીની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન/ખાતમુહૂર્તવિધિ સંપન્ન થઈ હતી.



**નાનપુરા વોર્ડ ઓફીસની ઉદ્‌ઘાટનવિધિ** શ્રી દિપકભાઈ આફિકાવાલા, મા. અધ્યક્ષશ્રી, જાહેર બાંધકામ સમિતિના વરદ્‌હસ્તે સંપન્ન થઈ. સદર વોર્ડ ઓફીસનો પ્લોટ એરીયા ૬૯૦.૦૦ ચો. મીટર, બાંધકામનું ક્ષેત્રફળ ૬૫૫.૪૦ ચો. મી., **કુલ ખર્ચ અંદાજે રૂા.૪૯ લાખ ૬૦ હજાર** થયેલ. દરેક માળે બાંધકામ ક્ષેત્રફળ ૩૨૭.૭૨ ચો.મી.ભોંયતળીયે લોકસેવા તથા આરોગ્ય વિભાગ, સ્ટોર રૂમ, પાર્કીંગ તેમજ ટોયલેટ બ્લોક, પહેલા માળે હોલ તેમજ લેડીઝ તથા જેન્ટસ ટોયલેટ બ્લોકની સુવિધા પૂરી પાડવામાં આવેલ છે. અંડર ગ્રાઉન્ડ ટાંકી ૧૦,૦૦૦ લીટર, ઓવર હેડ ટાંકી ૨,૦૦૦ લીટરની છે.



**સલાબતપુરામાં વાંચનાલય, મલ્ટીપર્પઝ હોલ ખાતમુહૂર્તવિધિ** શ્રી દિપકભાઈ આફિકાવાલા, મા. અધ્યક્ષશ્રી, જોહર બાંધકામ સમિતિના વરદ્‌હસ્તે સંપન્ન થઈ. સદર વોર્ડ ઓફીસનો પ્લોટ એરીયા ૭૦૯૫.૧૪ ચો. ફુટ, બાંધકામનું ક્ષેત્રફળ લોઅર ગ્રાઉન્ડ ફ્લોર ૨૩૫૭.૮૪ ચો. ફુટ, અપર ગ્રાઉન્ડ ફ્લોર ૪૧૬૭.૫૬ ચો. ફુટ, ફર્સ્ટ ફ્લોર ૮૬૫૩.૫૨ ચો. ફુટ, સેકન્ડ ફ્લોર ૫૦૯૩.૦૩ ચો. ફુટ, કુલ ક્ષેત્રફળ ૨૦૩૩૬.૫૦ ચો.ફુટ, **કુલ રૂા.૧ કરોડ ૪ લાખના ખર્ચે સાકારિત થશે.** લોઅર ગ્રાઉન્ડ ફ્લોર પર પાર્કીંગ તેમજ ટોયલેટ બ્લોક, અપર ગ્રાઉન્ડ ફ્લોર પર વાંચનાલય તેમજ ટોયલેટ બ્લોક, ફર્સ્ટ ફ્લોર પર મલ્ટી પર્પઝ હોલ તેમજ ૧૦ ઓફિસો, ટોયલેટ બ્લોક, સેકન્ડ ફ્લોર પર ૫–ઓફીસો તેમજ ટોયલેટ બ્લોક સુવિધા પૂરી પાડવામાં આવેલ છે. અંડર ગ્રાઉન્ડ ટાંકી ૧૫,૦૦૦ લીટર, ઓવર હેડ ટાંકી ૧૦,૦૦૦ લીટરની તૈયાર કરવામાં આવનાર છે.

Continue …

**બેગમપુરા વાંચનાલયની ઉદ્‌ઘાટનવિધિ** શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, મા. અધ્યક્ષશ્રી, જાહેર બાંધકામ સમિતિના વરદ્‌હસ્તે સંપન્ન થઈ. સદર વાંચનાલયનો પ્લોટ એરીયા ૧૧૫.૦૦ ચો. મીટર, કુલ બાંધકામનું ક્ષેત્રફળ ૨૫૨.૦૦ ચો. મી., દરેક માળે બાંધકામ ક્ષેત્રફળ ૮૪.૦૦ ચો.મી., **અંદાજે રૂ.૧૭ લાખ ૭૭ હજારના ખર્ચે** તૈયાર કરવામાં આવી. ભોંયતળીયે પાર્કીંગ તેમજ લેડીઝ–જેન્ટસ ટોયલેટ બ્લોક, પહેલા માળે લાયબ્રેરીમાં ૫૦ માણસો એક સાથે લાભ લઈ શકશે. બીજા માળે રીડીંગ રૂમ, ૫૦ માણસો એક સાથે લાભ લઈ શકશે. અંડર ગ્રાઉન્ડ ટાંકી ૮,૦૦૦ લીટર, ઓવર હેડ ટાંકી ૬,૦૦૦ લીટરની છે.





**ખાનસાહેબના ડેલામાં મહિધરપુરા ખાતે મલ્ટીલેવલ પાર્કીંગની ઉદ્‌ઘાટનવિધિ** શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, મા. અધ્યક્ષશ્રી, જાહેર બાંધકામ સમિતિના વરદ્‌હસ્તે સંપન્ન થઈ. સદર પ્લોટનો એરીયા ૩૧૯૯.૬૯ ચો. મીટર, કુલ બાંધકામનું ક્ષેત્રફળ ૧૦૫૯૪.૨૬ ચો. મી., દરેક માળે બાંધકામ ક્ષેત્રફળ ૧૭૬૫.૭૧ ચો.મી., **અંદાજે રૂ.૪ કરોડ ૬૬ લાખના ખર્ચે** તૈયાર કરવામાં આવ્યુ. બેઝમેન્ટમાં ૪૦૯ ટુ વ્હીલર, ભોંયતળીયે ૬૦ ફોર વ્હીલર પાર્કીંગ તેમજ પ્રથમ માળ થી ચોથો માળ સુધી દરેક માળ પર ૪૦૧ ટુ વ્હીલર, કુલ પાર્કીંગ ૬૦ કાર તથા ૨૦૧૩ ટુવ્હીલર પાર્કીંગ,તદઉપરાંત વિશેષ સુવિધામાં કેન્ટીન, સર્વીસ સ્ટેશન, લીફટ, દાદર (આગળ તેમજ પાછળ) ટોયલેટ બ્લોક (દરેક માળે આગળ તેમજ પાછળ) અંડર ગ્રાઉન્ડ ટાંકી ૧૦,૦૦૦ લીટર, ઓવર હેડ ટાંકી ૬,૦૦૦ લીટરની છે. ૧૧૭.૪૨ ર. મીટરની કમ્પાઉન્ડ દિવાલ, તેમજ ભવિષ્યમાં ૧૦ ટુ વ્હીલર માટેની લીફટ મુકવાનું આયોજન કરવામાં આવેલ છે. મહિધરપરા વિસ્તાર તેની આગવી લાક્ષણિકતાના કારણે ટ્રાફીક સમસ્યા તથા વાહન પાર્કીંગની સમસ્યાથી પીડાય રહયુ છે જેમાં આ પ્રકલ્પ પ્રજાને અર્પણ કરવામાં આવતા તેમની પાર્કીંગની સમસ્યાનું મહદઅંશેઃ નિરાકારણ થશે.





**Continue …**



**નાણાંવટ ખાતે લખપતિ શહેરી આરોગ્ય કેન્દ્ર અને પ્રસૂતિગૃહની ઉદ્દ્ઘાટનવિધિ** શ્રીમતિ રંજનબેન સરતાનપરા મા. અધ્યક્ષશ્રી, રૂગ્ણાલય વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના વરદ્હસ્તે સંપન્ન થઈ. સદર પ્લોટનો એરીયા ૩૭૪૧.૩૫ ચો.ફૂટ, કુલ બાંધકામનું ક્ષેત્રફળ ૧૦૮૦૪.૯૯ ચો.ફૂટ, ગ્રાઉન્ડ ફલોર ૩૦૯૨.૬૪ ચો. ફુટ, ફર્સ્ટ ફલોર ૩૦૬૨.૪૦ ચો. ફુટ, સેકન્ડ ફલોર ૩૦૯૫.૨૨ ચો. ફુટ, થર્ડ ફલોર ૧૫૫૪.૭૩ ચો. ફુટ, **અંદાજે રૂા.૮૫ લાખ ૯૭ હજારના ખર્ચે** તૈયાર કરવામાં આવ્યુ. જેમાં ૩૯.૫ મે. ટન સ્ટીલ તેમજ ૨૧૦.૦૦ મે. ટન સીમેન્ટનો વપરાશ કરવામાં આવેલ. ભોંયતળીયે પાર્કીંગ, મેડીસીન રૂમ, વેકસીનેશન રૂમ, ઓફીસ, ટોયલેટ બ્લોક, પ્રથમ માળે મેડીકલ ઓફીસર રૂમ (૨), લેબોરેટરી, ઓપરેશન થીયેટર, લેબર રૂમ, પ્રિપેરેશન રૂમ, કાઉન્સલીંગ રૂમ, ટી. બી. રૂમ, ટોયલેટ બ્લોક, સેકન્ડ ફલોર પર જનરલ વોર્ડ, ઈન્જેકશન ડ્રેસીંગ રૂમ, કુટુંબ કલ્યાણ કેન્દ્ર, કોમ્પ્યુટર રૂમ, સ્ટોર (એફ. પી.), ટોયલેટ બ્લોક, થર્ડ ફલોર પર ડોકટર કવાર્ટર, નર્સ કવાર્ટર, લીફટ કેબીન, સ્ટેર કેબીન. અંડર ગ્રાઉન્ડ ટાંકી ૧૨,૦૦૦ લીટર, ઓવર હેડ ટાંકી ૫,૦૦૦ લીટરની છે.



**મુગલીસરા ખાતે સેન્ટ્રલ ઝોનનું વહીવટી ભવનની ખાતમુહૂર્તવિધિ** શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, મા. અધ્યક્ષશ્રી, જાહેર બાંધકામ સમિતિના વરદ્હસ્તે સંપન્ન થઈ. સદર ઓફીસનો પ્લોટ એરીયા ૧૦૦૯૨.૮૮ ચો. ફુટ, બાંધકામનું ક્ષેત્રફળ બેઝમેન્ટ ૩૫૫૨.૩૫ ચો. ફુટ, ગ્રાઉન્ડ ફલોર ૭૩૪૫.૬૪ ચો. ફુટ, ફર્સ્ટ ફલોર ૫૭૬૩.૧૬ ચો. ફુટ, સેકન્ડ ફલોર ૫૭૬૩.૧૬ ચો. ફુટ, થર્ડ ફલોર ૫૭૬૩.૧૬ ચો. ફુટ, ફોર્થ ફલોર ૫૫૮૬.૫૯ ચો. ફુટ, કુલ ક્ષેત્રફળ ૩૬૧૩૨.૬૧ ચો.ફુટ, **કુલ રૂા. ૨ કરોડ ૯૧ લાખના ખર્ચે** સાકારિત થશે. જેમાં ૭૨૬.૯૭ મે. ટન સ્ટીલ તેમજ ૧૪૬.૮૫ મે. ટન સીમેન્ટનો વપરાશ કરવામાં આવનાર છે. બેઝમેન્ટમાં ૭૦ ટુ વ્હીલર પાર્કીંગ, ગ્રાઉન્ડ ફલોર પર ૨૦ ફોર વ્હીલર પાર્કીંગ, ફર્સ્ટ ફલોર પર ઝોનલ ચીફ, કાર્યપાલક ઈજનેર (૨), ડેપ્યુટી ઈજનેર (૪), નાયબ આરોગ્ય અધિકારી, શહેર વિકાસ ખાતુ, હાઉસીંગ ખાતુ, ડ્રેનેજ ખાતુ, પાણી ખાતુ, ટોયલેટ બ્લોક. સેકન્ડ ફલોર પર કોન્ફરન્સ રૂમ, મીટીંગ રૂમ, ડે. એકાઉન્ટન્ટ, પર્સોનેલ ઓફીસર, ચીફ એસ. આઈ., હેલ્થના કલેરીકલ વિભાગ, વી. બી. ડી. સી., એ. એલ. ઓ., મહેકમ વિભાગ, ટોયલેટ બ્લોક, થર્ડ ફલોર પર રેકર્ડ રૂમ, જન્મ મરણ વિભાગ, કલેરીકલ, ટોયલેટ બ્લોક, રેકર્ડ રૂમ ઓફીસ, ફોર્થ ફલોર ગુમાસ્તા ધારા વિભાગ, એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગ, જમીન મિલ્કત વિભાગ, ટોયલેટ બ્લોક, કોમ્પ્યુટર રૂમ, ટેરેશ ફલોર લીફટ કેબીન, સ્ટોર રૂમ કેબીન. અંડર ગ્રાઉન્ડ ટાંકી ૨૦,૦૦૦ લીટર, ઓવર હેડ ટાંકી ૧૦,૦૦૦ લીટર તેમજ મુખ્ય બિલ્ડીંગને જોડતા પેડેસ્ટ્રીયન બ્રીજ ૨૬.૫૦ મીટરનો તૈયાર કરી સુવિધા આપવામાં આવનાર છે.

Continue …

મ્યુ. કમિશનર એસ. અપર્ણાએ આ પ્રસંગે આજના પાવન પર્વના શુભ દિને સર્વે નિમંત્રીત મહાનુભાવોને શુભેચ્છા પાઠવી આવકાર્યા હતા. સેન્ટ્રલ ઝોનમાં આજ રોજ કુલ ૬ પ્રકલ્પો ની રૂા. ૧૦ કરોડ ૧૪ લાખ ૩૪ હજારના ખર્ચે ખાતમુર્તવિધિ/ઉદ્‌ઘાટનવિધિ સંપન્ન થઈ હતી.

આ પ્રસંગે મુખ્ય મહેમાનશ્રી શ્રીમતિ દર્શનાબેન જરદોષ, માન. સાંસદશ્રી, અતિથિ વિશેષશ્રીઓ શ્રી નાનુભાઈ વાનાણી, માન. ધારાસભ્યશ્રી, શ્રી મુકેશભાઈ દલાલ, માન.અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ, શ્રી ભીમજીભાઈ પટેલ, માન. નેતાશ્રી, શાસક પક્ષ તેમજ વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,સદસ્યશ્રીઓ, શ્રી અજયભાઈ ચોકસી,મહામંત્રી, કમિશનરશ્રી, અધિકારી/કર્મચારી ગણ તેમજ વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

**TOP**

## તા.૦૧–૧૦–૨૦૦૯નાં રોજ રાંદેર ઝોન ખાતે ૪ પ્રકલ્પોની ઉદ્દ્ઘાટન/ખાતમુહૂર્તવિધિ સંપન્ન

વિકાસની હરણફાળ ભરી રહેલ સુરત શહેરના પ્રજાજનોની સુખાકારી આરોગ્ય તથા પર્યાવરણની જાળવણી ક્ષેત્રે વધુ સુવિધાપ્રાપ્ત થાય તેવા મુખ્ય મિશન સાથે સુરત મહાનગરપાલિકા દ્વારા તમામ ઝોન વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોનું આયોજન કરી લોકાર્પણ કરવામાં આવેલ છે તે શૃખલામાં અડાજણ ખાતે સંસ્કાર ભારતી સ્કુલ પાસે, શાંતિવન બાગ,અડાજણ ખાતે આનંદપાર્ક પાસે શાંતિકુંજની ઉદ્દ્ઘાટનવિધિ, રાંદેર ખાતે નિશાંત સોસાયટી પાસે બાગ, અડાજણ પાટીયા પાસે ઈશીતા પાર્ક ખાતે સીનીયર સીટીઝન કમ મલ્ટીપર્પઝ હોલ વગેરે પ્રકલ્પોની ઉદ્દ્ઘાટનવિધિ તા.૦૧–૧૦–૨૦૦૯નાં રોજ મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખસ્થાને, તથા મુખ્ય મહેમાનશ્રી શ્રીમતિ દર્શનાબેન જરદોષ, માન. સાંસદશ્રી, અતિથિ વિશેષશ્રી માન. ધારાસભ્યશ્રી, શ્રી કિશોરભાઈ વાંકાવાલાની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ હતી. સુરત મહાનગરપાલિકા દ્વારા ''ઈન્ટર નેશનલ ડે ઓફ ઓલ્ડર પર્સનસ''ના અનુસંધાને રાંદેર ઝોનમાં ઓર્ગનાઈઝેશન વોકથોન ઓલ્ડર, યુવાનો, બાળકો સાથે માસ રેલીનું સ્વામીનારાયણ મંદિર અડાજણ થી સીનીયર સીટીઝન સેન્ટર સુધીનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગને વધુ હેતુપૂર્ણ કરવા માટે શાળાના વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધાનું સુમન શાળા નં.૪, સૂર્યપૂર સોસાયટી, દિવાળી બાગ સોસાયટી પાસે, રાંદેર ખાતે બપોરે આયોજન કરવામાં આવેલ છે. તેમજ ગાંધી સ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા ખાતે સાંજે નિબંધ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ તેમજ જૂના ગીતો/સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. વરિષ્ઠ નાગરિકો માટે તમામ ઝોનમાં આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

સંસ્કાર ભારતી સ્કુલ પાસે, રાંદેર ખાતે **શાંતિવન બાગની ઉદ્દ્ઘાટનવિધિ** શ્રીમતિ નયનાબેન નાયક, મા.અધ્યક્ષશ્રી, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિના વરદ્દહસ્તે સંપન્ન થઈ.જેનો અંદાજીત ખર્ચ **રૂા.૧૫ લાખ ૧૬ હજાર.** પ્લોટનું ક્ષેત્રફળ ૧૫૨૦.૦૦ ચો. મી., કંમ્પાઉન્ડ વોલ ૧૯૦.૦૦ ર.મી., વોક–વે ૪૫૦.૦૦ ચો.મી., પાર્કીગ ૯૦.૦૦ ચો.મી. વોટર હટ ૧૨.૨૫ ચો.મી., ટોયલેટ બ્લોક ૨૦.૦૦ ચો.મી., ચિલ્ડ્રન પ્લે. એરીયા ૧૩૫.૦૦ ચો.મી., મેઈન ગેટ ૪.૮૫૨ મીટર, ગઝેબો ૧૬.૦૦ ચો.મી., લોન અને પ્લાન્ટેશન ૭૯૭.૦૦ ચો.મી., નો છે. આ બાગની લોકાર્પણવિધિ થતા જાહેર જનતાના રીક્રીએશન તેમજ પર્યાવરણના હેતુ જળવાશે.



આનંદકુંજ સોસાયટી પાસે, રાંદેર ખાતે **શાંતિકુંજની ઉદ્દ્ઘાટનવિધિ** શ્રીમતિ નયનાબેન નાયક, મા.અધ્યક્ષશ્રી, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિના વરદ્દહસ્તે સંપન્ન થઈ. જેનો અંદાજીત ખર્ચ **રૂા.૬ લાખ ૧૫ હજાર.** પ્લોટનું ક્ષેત્રફળ ૩૮૪.૦૦ ચો. મી., કંમ્પાઉન્ડ વોલ ૯૦.૦૦ ર.મી., વોક–વે ૫૧.૦૦ ચો.મી., ગઝેબો ૧૬.૦૦ ચો.મી., લોન અને પ્લાન્ટેશન ૩૧૭.૦૦ ચો.મી., નો છે. આ બાગની લોકાર્પણવિધિ થતા જાહેર જનતાના રીક્રીએશન તેમજ પર્યાવરણના હેતુ જળવાશે.

નિશાંત સોસાયટી પાસે, **રાંદેર ખાતે બાગની ઉદ્દ્ઘાટનવિધિ** શ્રીમતિ નયનાબેન નાયક, મા.અધ્યક્ષશ્રી, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિના વરદ્દહસ્તે સંપન્ન થઈ. જેનો અંદાજીત ખર્ચ **રૂા.૧૫ લાખ ૯૩ હજાર.** પ્લોટનું ક્ષેત્રફળ ૨૧૩૬.૦૦ ચો. મી., કંમ્પાઉન્ડ વોલ ૧૯૩.૦૦ ર.મી., વોક–વે ૧૪૦.૦૦ ચો.મી., ટોયલેટ બ્લોક ૨૦.૦૦ ચો.મી., ચિલ્ડ્રન પ્લે. એરીયા ૨૧૦.૦૦ ચો.મી., ગઝેબો ૫૦.૦૦ ચો.મી., લોન અને પ્લાન્ટેશન ૧૭૦૬.૦૦ ચો.મી., નો છે. આ બાગની લોકાર્પણવિધિ થતા જાહેર જનતાના રીક્રીએશન તેમજ પર્યાવરણના હેતુ જળવાશે.



Continue …



ઈશીતાપાર્ક સોસાયટીની બાજુમાં અડાજણ રોડ, સુરત ખાતે **સિનીયર સીટીઝન કમ મલ્ટીપપર્ઝ હોલની ઉદ્દ્ઘાટનવિધિ** શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, મા.અધ્યક્ષશ્રી, જાહેર બાંધકામ સમિતિના વરદ્દહસ્તે સંપન્ન થઈ.જેનો અંદાજીત ખર્ચ **રૂા.૧ કરોડ, ૨૭ લાખ ૩૭ હજાર.** પ્લોટનું ક્ષેત્રફળ ૩૧૦૦.૦૦ ચો. મી., બાંધકામનું ક્ષેત્રફળ ૧૫૫૯.૬૪ ચો.મી., અગીયાર માસના ટૂંકા ગાળમાં સદર પ્રકલ્પનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. અંદાજે ૨ લાખ જેટલા લોકોને લાભ થશે. ગ્રાઉન્ડ ફલોર પર મલ્ટીપપર્ઝ હોલ ૨૧.૩૩ × ૧૫.૨૪ મીટર, મેડીટેશન/ચેકઅપ રૂમ તથા ચેઈન્જ રૂમ ૭.૪૬ × ૧૧.૫૧ મીટર, રીડીંગ રૂમ ૭.૪૬ × ૧૧.૫૧ મીટર, સીટીંગ એરીયા ૬.૦૯ × ૬.૫૫ મીટર, ટોયલેટ બ્લોક ૭.૩૭ મીટર × ૬.૨૪ મીટર, કીચન ૫.૬૪ × ૬.૦૯ મીટર, સ્ટોર ૪.૫૭ મીટર × ૪.૪૪ મીટર, ઓફીસ ૪.૫૭ × ૩.૬૬ મીટર, રીયર સાઈટ ટોયલેટ ૫.૧૮ × ૪.૦૪ મીટર, લોન એરીયા ૫૦૦ ચો. મીટર, પાર્કીંગ તથા ખુલ્લી જગ્યા ૧૬૦૦.૦૦ ચો.મીટર, ફર્સ્ટ ફલોર પર એકટીવીટી રૂમ ૭.૪૬ × ૧૧.૫૧ મીટર, કોન્ફરન્સ રૂમ ૭.૪૬ × ૧૧.૫૧ મીટર, ટોયલેટ ૭.૩૭ × ૬.૨૪ મીટર, અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી : ૪૯૦૦૦ લીટર, ઓવરહેડ પાણીની ટાંકી ૮૦૦૦ લીટર વગેરે સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે.

''ઈન્ટર નેશનલ ડે ઓફ ઓલ્ડર પર્સનસ''ના અનુસંધાને તમામ ઝોન ખાતે વરિષ્ઠ નાગરિકો માટે આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ શાળાના વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધા, સુમન શાળા નં.૪, સૂર્યપૂર સોસાયટી, દિવાળી બાગ સોસાયટી પાસે, રાંદેર રોડ, સુરત ખાતે બપોરે ૧૨.૦૦ કલાકે આયોજન કરવામાં આવેલ. સદર નિંબધ સ્પર્ધાના વિજેતાઓને સાંજે ૫.૦૦ કલાકે ગાંધી સ્મૃતિભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ખાતે ઈનામ વિતરણ કરવામાં આવશે તેમજ જૂના ગીતો તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

મ્યુ. કમિશનર એસ. અપર્ણાએ આ પ્રસંગે સર્વે નિમંત્રીત મહાનુભાવોને શુભેચ્છા પાઠવી આવકાર્યા હતા. રાંદેર ઝોનમાં આજ રોજ કુલ ૪ પ્રકલ્પોની **રૂા. ૧ કરોડ ૬૪ લાખ ૬૧ હજાર** ના ખર્ચે ખાતમુર્તવિધિ / ઉદ્દ્ઘાટનવિધિ સંપન્ન થઈ હતી.

આ પ્રસંગે મુખ્ય મહેમાનશ્રી શ્રીમતિ દર્શનાબેન જરદોષ, માન. સાંસદશ્રી, અતિથિ વિશેષશ્રીઓ શ્રી કિશોરભાઈ વાંકાવાલા, માન. ધારાસભ્યશ્રી, શ્રી મુકેશભાઈ દલાલ, માન.અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ, શ્રી ભીમજીભાઈ પટેલ, માન. નેતાશ્રી, શાસક પક્ષ તથા વિરોધપક્ષના નેતાશ્રી યોગેશભાઈ ઉર્ફે બાબુભાઈ કાપડીયા તેમજ વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ,સદસ્યશ્રીઓ, શ્રી અજયભાઈ ચોકસી, મહામંત્રી, કમિશનરશ્રી, અધિકારી/કર્મચારી ગણ તેમજ વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP